અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા
માટે નાણાકીય સહાય લોન પેટે આપવાની નવી બાબતને
વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: અનસ/૨૦૧૩/ન.બા.૪૪/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૨/૦૮/૨૦૧૪.

**વંચાણે લીધા:-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૭/૧૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૧૦૯૯/ન.બા.-૪૫/ગ.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૩/૦૭/ ૨૦૦૧નો ઠરાવ ક્રમાંક: પીએમએસ/૨૦૦૧/૫૦૯/ગ.

(૩) કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની કચેરીનો તા.૩૦/૧૧/૨૦૧૩નો પત્ર નં:-જીટીડીસી/વિ.વા/વિ.અ/વશી/૧૦૦૨૫/૧૦૦૨૬/૨૦૧૩.

**ઠરાવ :-**

અનુસુચિત જનજાતિના તેજસ્વી કારકીર્દી ધરાવતા વિધાર્થીઓને ઉપર વંચાણે લીધેલ ક્રમાંક. (૧) અને (૨) ના ઠરાવોથી વિદેશમાં અભ્યાસ કરવા માટે લોન આપવા અંગેની યોજના અમલમા મુકવામા આવેલ છે. અનુસુચિત જનજાતિના લોકો હાલમા શિક્ષણની સુવિધાઓ વધતા ઉચ્ચ અભ્યાસ માટે આગળ આવતા જાય છે, પરંતુ તેઓની નબળી આર્થીક પરીસ્થિતીના કારણે પરદેશ જવાનું તથા પરદેશના અભ્યાસક્રમો ખર્ચાળ હોવાના કારણે અનુસુચિત જનજાતિના વિધાર્થીઓ પરદેશ જવા માટેનો ખર્ચ કરી શકતા નથી તેમજ પોતાની કારકીર્દી બનાવી શકતા નથી અને વિદેશ અભ્યાસ માટે મળેલ તક ગુમાવે છે. જે ધ્યાને લઇ ઉપર વંચાણે લીધેલ ક્રમાક (૩) ના કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના પત્રથી અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને વિદેશ અભ્યાસ માટે આપવામાં આવતી રૂ.૧૦/- લાખની લોનમા રૂ.૫/- લાખનો વધારો કરી રૂ.૧૫/- લાખ કરવાં માટેની રૂ.૨૦૦ લાખની નવી બાબતનો સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે અનુસુચિત જનજાતિના વિધાર્થીઓને વિદેશ અભ્યાસ માટે આપવામાં આવતી રૂ.૧૦/- લાખની લોનમા રૂ.૫/- લાખનો વધારો કરી રૂ.૧૫/-

Scanned by CamScanner

લાખ કરવા માટેની રૂ.૨૦૦ લાખની સને ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ થયેલ નવી બાબતને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાંણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજના માટે ધોરણો નિયત કરી યુનિવર્સિટી નિયત કરી તે યુનિવર્સિટીમાં અભ્યાસ માટે જ સહાય ચુકવવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૬૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર:-૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર -(૦૧) વિદેશમાં અભ્યાસ માટે આદિજાતિ વિધાર્થીઓને લોન હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

3. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૪/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

Scanned by CamScanner

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપ સચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner